# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 04 ❖ Issue : 12 ❖ Pages : 48 ❖ June 2025 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-


શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા
સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત



## કેળવણી સહાય યોજના નૂતન પ્રેરકદાતા નામકરણ પ્રસંગે તસ્વીરી ઝલક
## શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતીલાલ શાહ





## સમાજ સેવાની ઉજ્જવળ પરંપરા... ઉત્કર્ષ, પ્રગતિ અને વિકાસમાં યોગદાન

# વ્યક્તિ વિશેષ પ્રતિભા શ્રી કિરીટભાઈ રતનશી શાહ ની વસમી વિદાય



ધોલેરા નિવાસી હાલ મુલુંડ સ્થિત શ્રી કિરીટભાઈ રતનશી શાહ (ઉ.વ.૮૧) તા.૨૦-૫-૨૦૨૫ ને મંગળવારના રોજ અનંતની યાત્રાએ વિદાય લીધી. તેઓ સક્રિય રહી સમાજ તેમજ અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા. સેવા અને સમર્પણના ઉમદા ભાવો સાથે તેઓએ તેમનું જીવન સફળ બનાવેલ છે. સરળ સ્નેહાળ હસમુખા સ્વભાવી, વાણીમાં મૃદુતા સાથે આત્મીય - આદરભર્યો સૌજન્યશીલ વ્યવહાર શ્રી કિરીટભાઈનાં વ્યક્તિત્વનું જમા પાસું હતું. સમાજલક્ષી - સમાજ હિતાર્થી કાર્યો માટે માર્ગદર્શક - શુભેચ્છક બની તેઓ આગળ રહીને સાથ, સહકાર અને સહયોગ આપતા રહેતા હતા. સમાજસેવાનાં દરેક કાર્યોમાં સૌને પ્રોત્સાહિત કરી પ્રેરણારૂપ બનવું જે તેઓની વિશિષ્ટ કાર્યશૈલી રહેલી છે.

શ્રી કિરીટભાઈએ ભાવનગર કોલેજથી વર્ષ ૧૯૬૪માં બી.કોમ.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ હતી. સ્પોર્ટમાં વિશેષ રૂચીએ કોલેજમાં ક્રિકેટ ટીમનાં કેપ્ટન તરીકેનું તેઓએ સફળ નેતૃત્વ અદા કરેલ. જીવન વિકાસ પ્રગતિના પંથે પ્રયાણ કરતાં વર્ષ ૧૯૬૬માં તેઓ મુંબઈ આવેલ અને મુંબઈને કર્મભૂમિ બનાવીને, જીવન રાહ ઉપર આગેકૂચ કરતા સફળતાનાં શિખરો સર કરતા ગયા. સખત મહેનત - સંઘર્ષ સાથે સ્વબળે આગળ આવીને તેઓએ જીવનને સફળ બનાવેલ હતું.

જીવન કારકિર્દીની શરૂઆતમાં શ્રી કિરીટભાઈ પાવર કેબલ કંપનીમાં એકાઉન્ટ ઓફીસર તરીકે જોબમાં જોડાયા હતા. ત્યારબાદ જે.કે.ફાઈલ્સ જોઈન્ટ કરી તેઓએ કાર્યનો અનુભવ પ્રાપ્ત કરેલ. બાદ તેઓ અમર ડાય કેમ લી. માં ઈન્કટેક્ષનું કાર્ય સંભાળતા સિનિયર ઓફીસર તરીકે રહ્યા હતા. લગભગ ૩૦ થી ૩૫ વર્ષ પહેલા શ્રી કિરીટભાઈએ પોતાનાં પુત્રો સાથે ઈન્કમટેક્ષ કાર્યની પ્રેક્ટીશ શરૂ કરેલ હતી. આ કાર્યક્ષેત્રમાં તેઓ આગળ વધતા ગયા અને પ્રગતિ કરતા રહ્યા. સફળતાનાં આત્મવિશ્વાસ સાથે તેઓએ માનબા ફાયનાન્સ કંપનીની સ્થાપના કરેલ. જે કંપની ટુ વ્હીલર્સ ફાયનાન્સમાં નંબર વન તરીકે મહારાષ્ટ્રમાં કાર્યરત છે. આ કંપનીના ચેરમેન પદે રહીને સફળ કંપની બનાવવામાં તેઓનો અનેરો ફાળો રહ્યો હતો. આ સમય દરમ્યાન તેમની કંપનીએ ક્લાયન્ટસનાં વિશ્વાસ ખૂબજ સારી રીતે સંપાદન કરતા નોંધપાત્ર પ્રગતિ હાસલ કરી એક સફળ અગ્રેસર કંપની તરીકે નામના પ્રાપ્ત કરેલ છે. થોડા સમય પહેલા શેરબજારમાં લીસ્ટેડ થયેલ અને પબ્લીક ઈસ્યુમાં ઘણું ભરણું ભરાયેલ હતું.

શ્રી કિરીટભાઈનાં બન્ને પુત્રોમાં શ્રી મનિષભાઈ માનબા ફાયનાન્સ કંપનીમાં મેનેજીંગ ડાયરેક્ટર તરીકે તેમજ બીજા પુત્ર શ્રી રૂપેશભાઈ, આર. કે. ઓનલાઈન કંપનીમાં મેનેજીંગ ડાયરેક્ટર તરીકે કાર્યરત રહીને ફેમીલી બિઝનેશને વિકાસની કેડીએ કંડારી રહ્યાં છે. સમાજ પ્રત્યેની ઉદાત ભાવના અને કુટુંબ પરિવાર પ્રત્યેની ઉમદા લાગણી - સ્નેહે તેઓએ વતનમાંથી પોતાના કુટુંબનાં સદસ્યોને મુંબઈ બોલાવ્યા અને મુંબઈમાં સેટ કરવા ખૂબ જ સહયોગ આપવા સાથે વ્યવહારિક - સામાજીક ક્ષેત્રે પણ તેઓએ સહકાર આપેલ હતો. સમાજ પ્રત્યેની તેઓની ઉદાત ભાવનાએ સૌના હૃદયમાં તેમનું આદરભાવભર્યું સ્થાન રહ્યું છે.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - મુલુંડમાં ટ્રસ્ટી તરીકે આગવી સેવાઓ આપતા શ્રી કિરીટભાઈ મંડળની પ્રગતિમાં ઉલ્લેખનીય સહયોગ આપવા સાથે ઉમદા નેતૃત્વ પુરૂં પાડી રહ્યા હતા. આ મંડળમાં વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ દરમ્યાન પાંચ વર્ષ પ્રમુખ પદે રહેવા સાથે ઘણા વર્ષોથી આ મંડળમાં કાર્યરત રહીને શ્રી કિરીટભાઈએ લગભગ દરેકે દરેક હોદ્દાઓ ઉપર રહીને નોંધનીય સેવાઓ પ્રદાન કરેલ છે. શ્રી ઝાલાવાડ સંઘનો ૨૫ મો સમૂહ લગ્ન મુલુંડમાં યોજાયેલ અને મુલુંડમાં વરઘોડો કાઢવામાં આવેલ ત્યારે તેઓની મુલુંડ મંડળનાં મંત્રી પદની સક્રીય કાર્યશીલ ભૂમિકા સાથે તેમની નોંધનીય ફાળો રહ્યો હતો. આ મંડળનાં વિકાસમાં કાર્યો કરવાની તેઓની સુંદર તક મળવા સાથે તેમાં તેઓનું બહુમૂલ્ય યોગદાન પણ રહેલ.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈમાં ઘણાં વર્ષોથી કાર્યરત શ્રી કિરીટભાઈ તેમાં ટ્રસ્ટી તરીકે તેમજ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટમાં પણ ટ્રસ્ટી તરીકે તેઓ અવિરત સેવાઓ આપેલ હતી. શ્રી ઝાલવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ આયોજીત સમૂહ લગ્નનાં જમણવારનાં કાયમી પ્રેરક દાતા તરીકેનો સુંદર લાભ લેતા તેઓએ માતબર રકમનું યોગદાન આપેલ છે. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ પુરસ્કૃત લખપતિ યોજનામાં તેઓએ બે પરિવારો દત્તક લઈને આર્થિક યોગદાન આપી ઉમદા સેવા ભક્તિ કરેલ છે.

શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિક ભવન - પાલીતાણામાં શ્રી કિરીટભાઈએ એક રૂમનાં દાતા તરીકે ઉમદા લાભ લેવા સાથે યોગદાન આપેલ છે. તેમજ શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન મુંબઈમાં તેઓએ ઉલ્લેખનીય યોગદાન આપી ઉમદા સેવા ભક્તિ કરેલ છે.

શ્રી કિરીટભાઈ લગભગ છેલ્લા ૪૦ વર્ષથી સામાજીક - સાંસ્કૃતિક ક્ષેત્રે અનેકવિધ સંસ્થાઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્યશીલ રહીને સહયોગ આપી રહ્યા હતા. શ્રી કિરીટભાઈ શાહે તેમની દાનની ગંગા સદાય વહેતી રાખેલ હતી. કેળવણી અને મેડિકલ ક્ષેત્રે પણ તેઓએ ગણનાપાત્ર યોગદાન આપેલ હતો.

એક બાહોશ બિઝનેશમેન અને ઉદારદિલ દાતા શ્રી કિરીટભાઈ શાહ પોતાનાં સેવાકીય કાર્યો અને બિઝનેશ સક્સેસ સાથે સમાજમાં બહોળું મિત્રવર્તુળ ધરાવતા હતા. તેઓએ સમાજને આર્થિક સહયોગ આપવા હંમેશા ઉદાત ભાવના દાખવી હતી. પ્રભુ તેમના પવિત્ર - પાવનકારી આત્માને શાંતી અર્પે. પરંપરાએ મોક્ષ પદ પ્રાપ્ત કરે એજ પ્રાર્થના.

# ઝાલાવાડી સમાજના મુઠી ઉંચેરા માનવીને નતમસ્તકે વંદના

## ૧૯ મી પુણ્યતિથિ

ખેરવાના ખેંગારને
સાયનના શૂરવીરને
ઝાલાવાડના ખમીરને
સમગ્ર ઝાલાવાડી
સમાજના
લાખ લાખ વંદન



શું યાદ કરીએ ?
આપની નિખાલસતા ?
આપની ઉદારતા ?
આપનો વિનયભર્યો વહેવાર ?
આપની વ્યવહાર દક્ષતા ?
કે પછી
આપના વદન પર
સદાયે ફરકતુ સ્મીત ?

સમાજરત્ન

## શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ (ખેરવા - સાયન)

વસમી વિદાય : તા. ૧૭-૦૬-૨૦૦૬

**અમારી - સમગ્ર ઝાલાવાડી સમાજની -**
**આપની વિદાયની ૧૯મી પુણ્યતિથિ પ્રસંગે ભાવભરી -**
**કદીયે ન ભૂલાય તેવી શ્રધ્ધાંજલી**



- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ
- શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન – મુંબઈ
- પરા ઉપનગરના મંડળો – મહિલા મંડળો – યુવા મંડળો



- ઝાલાવાડ બિઝનેસ ફોરમ
- ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦-૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

## પરિવાર વાત્સલ્ય પ્રેરણામૂર્તિ આદરણીય મુરબ્બી

# શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ પરિવાર તરફથી બોડોલી જિનમંદિર પ્રતિષ્ઠા



ઝાલાવાડના શીયાણી (લીંબડી)ના શેઠ કુટુંબ – પરિવારને એકસૂત્રે બાંધવાના તેમજ સમાજ સેવામાં – પરિવારના કાર્યોના સૂત્રધાર સમાન એવા મુરબ્બી વડીલ શ્રી જયંતીલાલ જીવણલાલ શેઠ – ૯૧ વર્ષ વયે શેઠ કુટુંબ – પરિવારને પોતાના સ્વજનની જેમ ચાહી – દિલથી જતન પણ કરેલ છે. આપના ઉદાત વિચારો, હસમુખ સ્વભાવ, સાદગી – સરળતા સાથે હકારાત્મક અભિગમે કુટુંબ–પરિવાર સાથે આપના મૈત્રી – સ્વજનનાં સંબંધોનો સેતુ સ્થાપિત થયેલ છે. કુટુંબ–પરિવાર સમાજ માટે આપ અને આપનો પરિવાર દીવાદાંડી સમાન રહ્યા છે. આપની ઉદાર દિલેરી સાથેની રહી છે. આપના નિષ્ઠાવાન ઉમદા કાર્યો અને સેવાઓને બિરદાવતા સંઘ–સમાજ ગર્વ અનુભવે છે. આપે સ્વબળે સંઘર્ષ કરી જીવન વિકાસ સાધી સફળતાના સોપાન સર કરનાર આપ અનેરું વ્યક્તિત્વ ધરાવતા ઝાલાવાડ સમાજના અગ્રગણ્યોમાંના એક છો. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ–મુંબઈ, શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશન – મુંબઈ, શ્રી વઢવાણ મિત્ર મંડળ – અમદાવાદ વગેરેમાં તેમજ અનેકવિધ સંસ્થાઓમાં યોગદાન આપવા સાથે આપની નિષ્ઠા અને આત્મીયતા સાથે કાર્યને સર્વાંગ સુંદર રીતે પાર પાડવા આપની તત્પરતા સાથે અને આત્મસુઝે કાર્યને ચાર ચાંદ લાગી જાય છે.

આપના પિતાશ્રી જીવણલાલ ઓઘડદાસ શેઠ તથા માતુશ્રી ચંપાબેનનો સંસ્કાર વારસો, આપના ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેનનો સ્નેહભાવ, આપના પરિવારમાં પુત્ર આશીતભાઈ, પુત્રવધુ રીમાબેન સુપુત્રીઓ નિલાબેન દિલીપભાઈ બથીજા, ડો.રૂપાબેન સમીરભાઈ શાહનો સાથ–સહકાર આપના પુણ્યોદયે આપના જીવનની બહુમૂલ્ય પૂંજી સમાન રહ્યા છે. આપ કોઈપણ વ્યક્તિ કે પરિવારની તકલીફ મુશ્કેલી, સમસ્યામાં મદદરૂપ બની સાચા રાહબર બની ઉમદા માર્ગદર્શક બન્યા છો.

આપના ૯૨માં જન્મદિવસ તા.૧૫–૫–૨૦૨૫ના સંયોગ સાથે જ તા.૧૪–૫–૨૦૨૫ બોડેલીમાં જિનમંદિર પ્રતિષ્ઠા પ્રસંગમાં આપે સુંદર લાભ લીધેલ હતો. આપની અવિરત સેવાઓ તથા આપના સમાજ સેવાના આદર્શ ગુણો, ઉત્કૃષ્ટ લાગણી – સ્નેહથી અભિભૂત થાય છે.

આપનું અને આપના સમગ્ર પરિવારનું સુખ, શાંતી, સમૃધ્ધિ, નિરામય જીવન બની રહે એજ પરમકૃપાળુ પરમાત્માને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના. સમાજસેવાના કાર્યોમાં આપનું યોગદાન પ્રબળ બની રહે તેજ અભ્યર્થના.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

**સમાજરત્ન**
પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
**સમાજગૌરવ**
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ
શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ** : ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯
**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૯૩૪૨૮૧૮
ઝાલાવાડ જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-
Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**

તંત્રી સ્થાનેથી....

## ❖ આવી મોસમ ચૂંટણીની.. ❖

ઝાલાવાડ સંઘની દર ત્રણ વર્ષે કારોબારી સમિતીની ચૂંટણી ઉચ્ચતમ પ્રણાલિકા મુજબ આગામી જુલાઈ માસમાં યોજવાની છે. ગત થોડા વર્ષોમાં શ્રી સંઘના વહીવટી સંચાલન માટે આમુલ પરિવર્તન આવેલ છે. સ.ર.પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ અને સ.ગૌ.શ્રીઅરવિંદભાઈના સખત પ્રયત્નો દ્વારા નવા યુવા ચહેરાઓને સ્થાન આપેલા છે. દરેક સભ્યો ધંધા–વ્યાપાર–ઉદ્યોગ–નોકરી જેવા પરિબળોને લીધે સમય નથી આપી શકતા. પરંતુ ઘણા સભ્યો સમતોલપણે ન્યાય આપી જોડાયલ છે. શ્રી સંઘની વિવિધ સેવાકીય પ્રવૃત્તી સુચારૂ રીતે ચલાવવા સમય હોય તો પરિપક્વતાવાળા સભ્યો ચોક્કસ જોડાવું જોઈએ. બીજું ખાસ કેટલાક પરા મંડળોના હોદ્દેદારો, કારોબારી કમીટી ચોક્કસ સભ્યોને મોકલે છે. પરંતુ સમય ન હોય અને ૬૦ વર્ષથી ઉપરના સભ્યોને ન મોકલવા આગ્રહભરી વિનંતી છે. શ્રી સંઘની તપસ્વી બહુમાન, સાધર્મિક ભક્તિ, કેળવણી સહાય, સમૂહલગ્ન જેવી વિવિધ પેટા કમીટીઓની રચનામાં જાણકાર, અનુભવી અને સુઝ–બુઝ હોય તેવા સભ્યોની જરૂર પડે છે. સમાજની પ્રગતિ–વિકાસ અને ઉત્કૃર્ષના કાર્યો માટે સેવાની ભાવનાવાળા યુવાનો જોડાય એવી શ્રી સંઘ સંચાલકોની ભાવના છે. ગત ત્રણ વર્ષમાં સમાજની સંસ્થાઓ શ્રી સંઘ ફાઉન્ડેશન, ઝેડ.બી.એફ. અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટના લગભગ ૨૦ (વીશ) કાર્યક્રમો થયેલ. હાલના સંચાલકોમાં ઘણાંની ઉંમર ૭૫ વર્ષની આસપાસ છે. તે સર્વે શારીરિક તંદુરસ્ત ન હોવા છતાં સમાજ માટે કરી છૂટવાની ભાવના સાથે સમય કાઢી મીટીંગોમાં હાજર રહી સેવા સાથે આર્થિક યોગદાન આપે છે.

એક સમય હતો. મુંબઈના પરા મંડળોમાં ૧૧ કાર્યરત હતા. હાલમાં ફક્ત સાત મંડળો કાર્યરત છે. ચાર મંડળો છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત નથી. આ બાબત પરામંડળના અગ્રગણ્યોએ કાર્ય કરવાની જવાબદારી લેવી જોઈએ. અને નવી યુવા પેઢીને સંચાલન સોંપી તૈયાર કરવા જોઈએ.

## શું વાંચશો..? આ અંકમાં...

★ કેળવણી સહાયનાં નૂતન દાતા – ફોટા અહેવાલ ★ પદપ્રદાન સમારોહ કાર્યકર્તા ફોટા–અહેવાલ ★ પાંચ લાખ અને એક લાખના દાતાઓનું બહુમાન – ફોટા અહેવાલ ★ શ્રી સંઘ વાર્ષિક સમાાન્ય સભા પરિપત્ર ★ ચૂંટણી કાર્યક્રમ જાહેરનામું ★ વ્યક્તિ વિશેષ પ્રતિભા શ્રી જયંતીલાલ શેઠ વિષે ★ તંત્રી લેખ ★ ગુજરાતની બોર્ડીંગ વિષે 'જીત' પરિવાર ★ વાર્ષિક અહેવાલ – ફાઉન્ડેશન ★ લેપટોપ યોજના ફોર્મ

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ. સંઘ મુંબઈ આયોજીત કેળવણી સહાય યોજનાનાં પ્રેરકદાતા

## શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવારનું

કેળવણી સહાય યોજના માટે નામકરણ સહ ઉત્કૃષ્ટ સન્માન તેમજ

## ફેબ્રુઆરીમાં યોજાયેલ વિશિષ્ટ પદ પ્રદાન સમારોહનાં દિલેર દાતાઓ અને કાર્યકર્તાઓનું સન્માન

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈ આયોજીત તારીખ ૧૭-૫–૨૦૨૫ શનિવારનાં રોજ રામજી અંદેરજી વાડી હોલ માટુંગા (સેન્ટ્રલ) ખાતે એક સાથે બે - બે કાર્યક્રમનાં મિલન સમો એક આગવો સુંદર સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હોલની મર્યાદિત જગ્યાને ધ્યાનમાં રાખીને, મર્યાદિત સંખ્યામાં આમંત્રણ પાઠવવામાં આવેલ. સૌની ઉત્સાહભરી ઉપસ્થિતિએ પધારેલ દરેકે ખૂબ જ આનંદ - ઉલ્લાસ સાથે કાર્યક્રમ માણ્યો હતો.

વ્યક્તિ, પરિવાર કે કોઈ સમાજ હોય, દરેકની પ્રગતિ - વિકાસનાં પાયામાં એજ્યુકેશનની આવશ્કતા ખૂબ જ મહત્વની હોય છે. આપણા સમાજનાં જરૂરિયાતમંદ પરિવારોનાં વિદ્યાર્થીઓ પૈસાનાં અભાવે શિક્ષણથી વંચિત ના રહી જાય, તે માટે આપણા શ્રી સંઘની **કેળવણી સહાય યોજના** ખૂબ જ સારી રીતે ચાલી રહી છે. આ કેળવણી સહાય યોજનામાં માતબર રકમનું યોગદાન આપનાર **પ્રેરકદાતાનું કેળવણી યોજના સાથેનું નામકરણ અને આ પ્રેરકદાતાશ્રીનાં સન્માન**નો સુંદર કાર્યક્રમ તારીખ ૧૭-૫–૨૦૨૫નાં માટુંગા (સેન્ટ્રલ) ખાતે યોજવામાં આવ્યો હતો.

તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫નાં ગોરેગાંવ વેસ્ટ ખાતે ખૂબ જ ઉમંગ - ઉલ્લાસ સાથે ભવ્ય સફળતાને વરેલા **''વિશિષ્ટ પદ પ્રદાન''** સમારોહમાં ઉદાત ભાવે યોગદાન આપનારા **દિલેર દાતાશ્રીઓ** અને આ કાર્યક્રમ માટે આયોજનની શરૂઆતથી લઈને છેક છેલ્લે સુધીનાં સમગ્ર કાર્યક્રમમાં સેવાઓ આપનારા **વિવિધ આયોજન કમીટીનાં સભ્યો** અને **કાર્યકર્તા ટીમ**ની કાર્ય નિષ્ઠા અને કાર્યદક્ષતા સ્વરૂપ **સેવાઓને બિરદાવવા** સાથે તેઓનું **ૠણ સ્વીકાર** કરીને સન્માનીત કરવાનો સુંદર કાર્યક્રમ પણ તારીખ ૧૭-૫–૨૦૨૫નાં માટુંગા (સેન્ટ્રલ) ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉપરોક્ત તારીખ ૧૭-૫–૨૦૨૫નાં કાર્યક્રમમાં સૌના આગમન સાથેની સુહાની, મસ્તાની, ગીત - સંગીતમય મહેફીલ ભરી સાંજમાં સીંગર શ્રી આશીષભાઈએ ખૂબ જ સારા ગીતોને પોતાના મધુર અવાજમાં ગાઈને રજૂ કરેલ હતા. ઉમંગ ભર્યા વાતાવરણમાં પ્રસન્નતાની પળો પુલંકિત બની હતી. પધારેલ સૌની સંઘ ભાવના સાથે આનંદની અનુભૂતિ અનુભવતા સૌ કોઈ પરસ્પરનાં મેળાપની લાગણી ભરી ભિનાશથી ભિંજાવવામાં મગ્ન હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત કરતા **મંત્રી શ્રી મુકેશભાઈ શાહે** સૌનું હાર્દિક સ્વાગત કરવા સાથે આગળનાં કાર્યક્રમનું સંચાલન કરવા શ્રી કિરણભાઈ શાહને વિનંતી કરેલ. **શ્રી કિરણભાઈ શાહે** વેલકમ સ્પીચ સાથે શ્રી સંઘનાં શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, હોદ્દેદારો, પદાધિકારીઓ અને શ્રી સંઘની દરેક સંલગ્ન સંસ્થાઓનાં, દરેક પરા મંડળોનાં, યુવા મંડળોનાં હોદ્દેદારો, પદાધિકારીઓ સાથે **''વિશિષ્ટ પદ પ્રદાન''** સમારોહમાં સહયોગી બની સેવા આપનાર દરેક આયોજન કમીટીનાં સદસ્યો - દરેક કાર્યકર્તાઓ, આદરણીય દાતાશ્રીઓ - માનવંતા મહેમાનો સર્વેનું આદર ભાવે સ્વાગત કરતા ઉમદા આવકાર આપ્યો હતો.

સીંગર **શ્રી આશીષભાઈ**નાં સ્વરે, સંગીતની સૂરાવલી સાથે શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરવામાં આવેલ. સમાજ રત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ, શ્રી વિનોદભાઈ ટી. શેઠ, શ્રી અનંતરાય એસ. શાહ, શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ સર્વે શ્રેષ્ઠીઓનાં વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. **સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ**એ સૌને મીઠો આવકાર આપતા જણાવેલ કે કેળવણી સહાય યોજનાનાં **દાતાશ્રી પ્રવીણભાઈ ચંદુલાલ શાહે** શરૂઆતમાં કેળવણી સહાય યોજનામાં યોગદાન આપી જે બીજનું રોપણ કરેલ તેની અનુમોદના કરૂં છું. ફાઉન્ડેશનમાંથી એજ્યુકેશન લોનથી આપણા સમાજનાં લગભગ ૧૪૦ બાળકોને અમેરીકામાં ભણવા મોકલ્યા હતા. અને તેમાંથી લગભગ ૪૦ ટકા બાળકોની લોન પાછી પણ આવી ગયેલ છે. તેમજ બે બાળકો તરફથી એક એક લાખ રૂપિયા ડોનેશન પણ આવેલ છે. તેઓએ પધારેલ સૌને આવકાર આપી શુભેચ્છાઓ પાઠવી હતી. **સમાજ રત્ન શ્રી ચીનુભાઈ શાહે** આર્શીવચન આપતા શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમનાં પ્રથમ ભાગમાં શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. સંઘ મુંબઈની **કેળવણી સહાય યોજનાનાં પ્રેરકદાતા** તરીકે **રૂપિયા ૫૧ લાખ**ની માતબર રકમનું દાન આપનાર **શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર**ને તાળીઓનાં ગળગળાટથી વધાવી સ્ટેન્ડીંગ ઓવેશન આપવામાં આવેલ. **શ્રી અનંતરાય શાંતિલાલ શાહ** અને **શ્રીમતી શ્રીલેખાબેન**નું ઉમદા બહુમાન કરવા સાથે એક મોમેન્ટો અને સન્માન પત્ર અર્પણ કરી ઉત્કૃષ્ટ સન્માન કરવામા આવેલ. તેમજ **કેળવણી સહાય યોજનાનાં પ્રેરકદાતા** તરીકે **શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર** નામકરણ કરવા સાથે સૌ સમક્ષ રજૂ કરવામાં આવેલ. લગભગ ૨૦ વર્ષ પહેલા આ કેળવણી સહાય યોજના જયારે શરૂ થયેલ ત્યારે પ્રથમ માતબર રકમનું દાન આપી પાયો નાખનાર એવા ઉદાર દિલ દાતાની કેવી ઉચ્ચ ઉદારતા કે આ યોજનામાં બીજા પ્રેરકદાતા જોડાય તો મને કોઈ વાંધો નથી. આવી દાન સાથે મનની પણ વિશાળ ઉદારતા ધરાવતા **પ્રેરકદાતા શ્રી પ્રવીણચંદ્ર ચંદુલાલ શાહ**નું સૌએ તાળીઓનાં ગળગળાટ સાથે અભિવાદન કરેલ. સંઘ વત્તી **મંત્રી શ્રી મુકેશભાઈ શાહે** તેઓનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરેલ. **શ્રી પ્રવીણચંદ્ર ચંદુલાલ શાહ** અને **શ્રીમતી મંજુલાબેન**નું ઉમદા બહુમાન કરવા સાથે એક મોમેન્ટો અર્પણ કરી ઉત્કૃષ્ટ સન્માન કરવામા આવેલ.

**શ્રી ચીનુભાઈ મંજુલા ભગિની મિત્ર મંડળ** પાલીતાણામાં **શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર**નું સારી રકમનું ખૂબ જ ઉમદા યોગદાન રહેલુ છે. પાલીતાણામાં દાતાશ્રીનાં નામની તકતી લાગેલી છે, તેનું અહિયા પ્રતિકાત્મક સ્વરૂપ ઉદ્‌ઘાટન - અનાવરણ દાતાશ્રીનાં વરદ્ હસ્તે કરવામા આવેલ. **સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ** અને ભગિની મિત્ર મંડળનાં પાલીતાણાથી પધારેલ શ્રી ડોલરબેન અને તેમના પદાધિકારી બહેનો દ્વારા **શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર**નું ખૂબ જ ઉમદા બહુમાન કરવામાં આવેલ. **શ્રી ડોલરબેને** સંસ્થાની પ્રવૃતિઓ, કાર્યો, યોજનાઓ અને જરૂરીયાતો સાથે સંક્ષિપ્તમાં સંસ્થાનો પરિચય આપેલ હતો.

આ કાર્યક્રમનાં દ્વિતીય ભાગમાં તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫નાં યોજાયેલ ભવ્યાતિભવ્ય **''વિશિષ્ટ પદ પ્રદાન''** સમારોહમાં આધારસ્તંભ રૂપે યોગદાન આપનાર દરેક **દાતાશ્રીઓ, વિવિધ આયોજન કમીટીનાં સભ્યો**નું અને દરેક **કાર્યકર્તાઓ**નો સહયોગ રહયો હતો. **''વિશિષ્ટ પદ પ્રદાન''** કાર્યક્રમમાં ૧૦૦ થી વધારે કાર્યકર્તાઓએ સહયોગ આપ્યો હતો. જેમાં પહેલી મીટીંગમાં જ ૬૫ થી વધારે કાર્યકર્તાઓએ પોતાના નામો સ્વેચ્છાએ લખાવેલ હતા. લગભગ ૪ થી ૫ મીટીંગો થયેલ તેમાં તેઓ દરેક હંમેશા હાજર રહયાં હતા. દરેક કાર્યકર્તાઓ, પરા મંડળોનાં સહયોગથી આ કાર્યક્રમ સફળ રહયો હતો. આ પ્રસંગનું એક નજરાણુ રૂપ વિશેષ સંભારણા સમું એક કોર્પોરેટ લુક જેવું સુંદર સોવિનિયર ફક્ત ૨૫ દિવસમાં પ્રકાશિત કરવામાં આવેલ હતું. તેમજ **''ઝાલાવાડ જૈન દર્શન'' પત્રિકાનો વિશેષાંક** પણ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે ૯ જેટલા પરા મંડળો તરફથી અનુદાન મળેલ હતું. આપણા સમાજનાં શ્રેષ્ઠીઓ, પદાધિકારીઓનાં સારી એવી રકમનાં અનુદાન સાથે બીજા ૯ દાતાઓએ પણ પાંચ પાંચ લાખ રૂપિયાનું અનુદાન આપેલ હતું. આમ કોઈપણ પૂર્વ ભૂમિકા વગર રૂપિયા એક કરોડનું ફંડ એકત્રિત થયેલ હતું.

બહુમાન માટેનાં કાર્યક્રમનું સુંદર સંચાલન **ટ્રેઝરર શ્રી ગિરીશભાઈ કાંતિલાલ શાહે** કરેલ. રૂપિયા ૫ લાખનાં દાતાઓનું, રૂપિયા ૧ લાખનાં દાતાઓ - મંડળોનું, જ્યુરી કમીટીનાં સભ્યો, કાર્યક્રમનાં સફળ સંચાલક શ્રી હિમાંશુભાઈ શાહ અને વિવિધ આયોજન કમીટીનાં સભ્યો, દરેક કાર્યકર્તાઓનું ઉમદા સન્માન આપણા સમાજનાં - સંઘનાં શ્રેષ્ઠિઓ, હોદેદારો, પદાધિકારીઓનાં હસ્તે કરવામાં આવેલ. દરેકનું ઋણ સ્વીકારવા સાથે વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનાં સફળ સંચાલક **શ્રી હિમાંશુભાઈ શાહે** શબ્દોની શોભાએ, સુંદર વિચારોનાં વૈભવ સાથેનું સુંદર વક્તવ્ય આપી ઝાલાવાડને ગૌરવવંતુ કરેલ. સોવિનિયર કમીટીનાં કન્વીનર **શ્રી ઉપેન્દ્રભાઈ શાહે** પ્રસંગોચિત્ત સંક્ષિપ્તમાં પ્રતિસાદ આપેલ. કાર્યક્રમની પૂર્ણાહુતિએ **શ્રી કિરણભાઈ શાહે** સૌનો આભાર વ્યકત કરેલ હતો. છેલ્લે આનંદની પળો માણતા... મનભાવક ભોજન માણતા...ખૂશી ભર્યા માહોલને સૌએ માણ્યો હતો.

આલેખન : ઉપેન્દ્રભાઈ શાહ
(૯૮૬૯૩૬૧૪૧૧)

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
# વર્ષ ૨૦૨૪-૨૫ વાર્ષિક અહેવાલ

સુજ્ઞ સભાસદ ભાઈઓ,

ગત નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન શ્રી સંઘ દ્વારા સભ્યો તથા સમાજ માટે થયેલ કાર્યોનો આછેરો ખ્યાલ આપવા સાથે આપ સૌની સમક્ષ આ અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

ગત વર્ષમાં મુરબ્બી / ટ્રસ્ટીશ્રીઓના આદરણીય એવા યુવા અને અનુભવી સમાજરત્ન પ્રમુખશ્રી દિલીપભાઇ ખીમચંદ શાહના માર્ગદર્શનમાં આ વર્ષ દરમ્યાન સમાજ ઉપયોગી સુંદર કાર્યો થયા હતા.

શ્રી સંઘ જે પ્રગતિ કરી રહ્યો છે દરેક કાર્યોની સફળતામાં સમાજના અગ્રગણ્ય, શ્રેષ્ઠી દાતાઓ અને કાર્યકરોને આભારી છે તેમજ પરા ઉપનગરનાં મંડળો, મહિલા મંડળો તથા યુવા મંડળોનો ઘણોજ અગત્યનો ફાળો રહ્યો છે. આપણો ઝાલાવાડી સમાજ જૈન સમાજમાં આગવું સ્થાન ધરાવે છે.

### સમાજ રત્ન....સમાજ ગૌરવ...સમાજ વિભૂષણ
## ઝાલાવાડ સંઘ પુરસ્કૃત સેવાભાવિ વિભૂતિઓને પદપ્રદાન

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ મુંબઈનાં ઈતિહાસમાં તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારનો દિવસ સુવર્ણ પળોની, સુવર્ણ સ્પર્શના સમો ઉજળો સોનેરી દિવસ બની રહયો હતો. સમાજ માટે સમર્પિત બની સમાજ વિકાસ અને સમાજ ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ રહેતા વ્યક્તિ વિશેષ પ્રતિભાઓની ઘણા વર્ષોની બૃહદ બહુમૂલ્ય અનુપમ સેવાઓ...સહયોગ...અને યોગદાનને બિરદાવવા માટેની સમાજનાં દરેક વ્યક્તિઓની ઉદ્દાત ભાવનાઓનો આ એક આગવો વિશિષ્ટ અવસર રહયો હતો.

છેલ્લા ઘણાં વરસો પછી કોઈ સ્નેહમિલન સમા પ્રસંગનું આયોજન થાય તેવી આપણા સમાજનાં સભ્યજનો ભાવના ભાવતા હતા. શ્રી સંઘની સમૃદ્ધિભરી સફળતાનાં ૧૧૩ વર્ષની સોનેરી સફરની ઉજવણી સ્વરૂપ શ્રી સંઘ દ્વારા સ્નેહમિલન સહ વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને પદ પ્રદાનથી સન્માનિત કરી પુરસ્કૃત કરવાના આયોજન રૂપે તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારનાં રોજ સ્નેહમિલન વિશિષ્ટ પદ પ્રદાન સમારોહનું સફળ આયોજન કરવામા આવ્યુ હતુ.

આપણા શ્રી ઝાલાવાડ સંઘ સમાજમાંથી વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને વિશિષ્ટ પદ પ્રદાનથી પુરસ્કૃત કરવા માટે આવેલા નામોમાંથી પદ પ્રદાન જ્યુરી કમીટીનાં સભ્યોનાં એકમત અને એક નિર્ણયએ **'સમાજરત્ન' માટે શ્રીયુત દિલીપભાઈ ખીમચંદ શાહ** તથા **'સમાજગૌરવ' માટે શ્રીયુત અરવિંદભાઈ કાંતિલાલ શાહ** તેમજ **'સમાજ વિભૂષણ' માટે શ્રીયુત કિશોરભાઈ નંદલાલ શાહ**ની સર્વાનુમતે પંસદગી કરવામાં આવેલ. તારીખ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ રવિવારની સવારમાં બ્રહ્મા - મહેશ ગ્રાઉન્ડ, બાંગુર સ્પોટર્સ કોમ્પલેક્ષ, ગોરેગાંવ વેસ્ટમાં આપણા ઝાલાવાડ સંઘનાં સભ્ય પરિવારજનો, ઝાલાવાડ સમાજનાં અગ્રગણ્યો, શ્રેષ્ઠીઓ, આમંત્રિતો, મહાનુભાવો વગેરે પધાર્યા હતા.

સમારોહનાં ઉદ્‌ઘોષક શ્રી હિમાંશુભાઈ શાહએ પ્રસંગોચિત્ત પ્રારંભિક પ્રસ્તાવના રજૂ કરતા ઝાલાવાડ સંઘનાં સુંદર મઝાનાં ઈતિહાસની આછેરી ઝલક આપી હતી. કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી નવકાર મહામંત્રનાં પઠન સ્મરણથી કરવામાં આવેલ. મંગલમય શુભારંભ સ્વરૂપ દિપ પ્રાગટ્યની મંગલકારી વિધી તરફ આગળ વધતા ઝાલાવાડ સંઘનાં પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠ, શ્રી શારદાબેન કિશોરભાઈ શાહ, સમારોહનાં અતિથિ વિશેષ શ્રી લલિતભાઈ એસ. ગાંધીનાં શુભ હસ્તે પ્રકાશ પૂંજ જ્યોત પ્રગટાવીને દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. સ્ટેજ કાર્યક્રમનાં આરંભ અર્થે શ્રી નિલેશભાઈ કિશોરભાઈ શાહ, સમારોહનાં અતિથિ વિશેષ શ્રી કમલકિશોર તાતેડ (ફોર્મર જસ્ટીસ ઓફ હાઈકોર્ટ), અતિથિ વિશેષ શ્રી લલિતભાઈ ગાંધી (ચેરમેન,જૈન માઈનોરીટી ફાઈનાન્સીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન), અતિથિ વિશેષ શ્રી અતુલ ભાતખળકર (ધારાસભ્ય કાંદિવલી ઈસ્ટ), સૌ મહાનુભાવો - શ્રેષ્ઠીઓને આદરભર્યો આવકાર આપવામાં આવેલ.

આ સમારોહમાં પધારેલા મંડળનાં સર્વે ભાઈઓ - બહેનો, આમંત્રિતો, ટ્રસ્ટીવર્યો, સ્ટેજ ઉપર બિરાજમાન મહાનુભાવો તેમજ અત્રે પધારેલ સર્વેનું સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહે હર્ષની લાગણી અનુભવવા સાથે શબ્દોનાં પુષ્પોથી હૃદયભાવે ભાવભીનું હાર્દિક સ્વાગત કરેલ. ઝાલાવાડ સંઘનાં સેક્રેટરી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહે ઝાલાવાડ સંઘનાં સમગ્ર વિભાગોની અનેકવિધ સિમાચિહ્‌ન પ્રવૃતિઓ - માહિતીઓ સાથેની જાણકારી સંક્ષિપ્તમાં રજૂ કરી હતી.

ઝાલાવાડ ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી વિનોદભાઈ ટી. શેઠે ફાઉન્ડેશનની સ્થાપનાની અગત્યતાની પૂર્વ ભૂમિકાની વાત કરેલ.

ઝાલાવાડ બિઝનેસ ફોરમનાં વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહે જણાવેલ કે ઝેડ.બી.એફ. નાં પ્લેટફોર્મ ઉપર સમાજની અનેક યુવા પ્રતિભાઓ આગળ આવી રહી છે. ઝેડ.બી.એફ.ની વિવિધ સીરીઝ દ્વારા ઘણા બધા કાર્યક્રમો આપી રહયાં છીએ.

ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટનાં વાઈસ ચેરમેન શ્રી જીતુભાઈ કોઠારીએ જણાવેલ કે આપણા સમાજના સંતાનો માટે દેશ વિદેશમાં હાયર એજ્યુકેશન માટે ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ નાણાકિય સહાય આપે છે.

આ અવસરે શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ - મુંબઈની એક વિશિષ્ટ ઓળખને ઓપ આપતા સુંદર નવા એક પ્રતિક ચિહ્‌ન સ્વરૂપ લોગોને રજૂ કરવામા આવેલ. માનવંતા શ્રેષ્ઠીઓ, મહાનુભાવોનાં વરદ્ હસ્તે આ લોગોનું અનાવરણ કરવામાં આવેલ. સમાજ પ્રતિક ચિહ્‌ન સ્વરૂપ લોગોને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલ. આ લોગો શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ - મુંબઈની એક વિશિષ્ટ આગવી ઓળખ બની રહેશે.

તેમજ મહાનુભાવો, શ્રેષ્ઠીવર્યોનાં વરદ્ હસ્તે ઝાલાવાડ પદ પ્રદાન સમારોહ સ્મરણીકાનું વિમોચન કરવામાં આવેલ. શબ્દો દ્વારા સૌના હૃદય સુધી પહોંચવાનું માધ્યમ આ સ્મરણીકા (સોવિનયર) બને છે. જે આપણા સમાજ માટે કાયમી યાદગાર નજરાણું બની રહેશે.

ઝાલાવાડ સમાજનાં શણગાર સમા શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ તથા શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ આ ત્રણ વિભૂતિઓને વિશેષ પદ પ્રદાન પુરસ્કારથી સન્માનીત કરવા સંઘ દ્વારા આ પદ પ્રદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું.

એક અદ્ભૂત વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ વિશેષ શ્રી કિશોરભાઈ નંદલાલ શાહને સમાજ વિભૂષણ પદ પ્રદાન કરવામાં આવેલ. શ્રી કિશોરભાઈનાં પરિવારજનોને સમાજ વિભૂષણ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

સેવાનાં ભેખધારી વ્યક્તિ વિશેષ શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહને સમાજ ગૌરવ પદ પ્રદાન કરવામાં આવેલ. શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહને સમાજ ગૌરવ મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

ઝાલાવાડ સંઘનાં કુશળ શિલ્પી - સમાજને સમર્પિત વ્યક્તિ વિશેષ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને સમાજરત્ન નાં પદ પ્રદાનથી નવાજતા સમાજરત્ન પદ પ્રદાન કરવામાં આવેલ. સમાજરત્ન મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. તેમજ તેઓનું ભાવભર્યુ ઉમદા બહુમાન કરવામાં આવ્યું હતું.

સમાજ રત્ન શ્રી દિલીપભાઈએ પોતાના મનોભાવ વ્યક્ત કરતા આ પ્રસંગે ઝાલાવાડ સંઘની આગળની યોજનાઓ - પ્રોજેકટો માટે તેમના તરફથી રૂ. ૩૧ લાખ તથા તેમના ભાઈઓ તરફથી રૂ. ૫ લાખ ઝાલાવાડ સંઘને આપવાની જાહેરાત કરેલ હતી. તેમજ સમાજ ગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ તરફથી રૂ. ૧૮ લાખ, સમાજ રત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ તરફથી રૂ. ૫ લાખ, શ્રી કિરીટભાઈ રતનશી શાહ તરફથી રૂ. ૫ લાખ, ઝાલાવાડ સમાજ ઈન્ડિયા તરફથી રૂ. ૫ લાખ, શ્રી જયંતિલાલ જીવણલાલ શેઠ તરફથી રૂ. ૫ લાખ, શ્રી બટુકભાઈ પોપટલાલ શાહ તરફથી રૂ. ૫ લાખ, શ્રી સી. એમ. ગાંધી પરિવાર તરફથી રૂ. ૫ લાખ ઝાલાવાડ સંઘને આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ સમારોહનાં સફળ આયોજનમાં પદ પ્રદાન સમારોહ આયોજન કમીટી સાથે વિવિધ પેટા કમીટીઓની પણ રચનાઓ કરવામાં આવેલ. આ સમગ્ર કમીટીઓની સુવ્યવસ્થિત કાર્યશૈલી સમા આયોજન સાથેનાં સુમેળભર્યા સમન્વયે આ સમારોહ સફળતાની સૌરભથી મહેંકી ઉઠયો હતો.

સમય ડીજીટલ યુગનો છે આવનાર સમયમાં આપણા સમાજનો વિકાસ વેગવંતો બનાવવા આપણા સમાજને પણ ડીજીટલ યુગ સાથે કદમ મિલાવવા પડશે. આવનાર સમયની જરૂરિયાતોને જાણીને - સમજીને આપણા સમાજે પણ ડીજીટલમાં પ્રવેશ કરેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી બનાવવામાં આવેલ છે. ઝાલાવાડ ડીજીટલ કમીટી દ્વારા ફક્ત ૧ મોબાઈલ વોટ્સએપ નંબર નક્કી કરવામાં આવેલ છે. આપણા સમાજનો ડીજીટલ વોટ્સએપ ચેટ બોટ મોબાઈલ નંબર ૯૦૭૬૩૪૨૮૧૮ (Digital Whatsaap Chat bot No. 9076342818) આપવામાં આવેલ છે.

આપણા સમાજની ચાલતી તમામ પ્રવૃત્તિઓ - માહિતીઓ સાથે યોજનાઓ - આયોજનો તેમજ સમાજમાં આવતા પ્રસંગો - કાર્યક્રમોની વિગતો આ નંબર ઉપરથી મળી શકે છે. આપણા સમાજની દર મહીને પ્રકાશિત થતી 'ઝાલાવાડ જૈન દર્શન' પત્રિકાની પી.ડી.એફ. ફાઈલ પણ ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપરથી મળી શકશે.

આ એક એવો આયોજન છે કે જેમાં આપને આપણા સમાજની ત્વરિત વિગતો, માહિતિઓ, જાણકારીઓ મળી શકે છે. સમયની જરૂરિયાત સાથેનું આપણા સમાજનું આ એક આગવું અને અસરકારક પ્લેટફોર્મ છે.

## શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ
**રામપુરા ભંકોડા હાલ અંધેરી – મુંબઈ**
## કાયમી કેળવણી સહાય યોજના
## (વિદ્યાર્થી સન્માન)

શ્રી સંઘના ઉદ્દેશ મુજબ શ્રી સંઘ દર વર્ષે કેળવણી ક્ષેત્રે વધુને વધુ રકમની સહાય માટે ફાળવણી કરવાની કોશીષ કરે છે. શ્રી સંઘ ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાય કરે છે. આજની વધતી મોંઘવારી ના સમયમાં બાળકોને ભણાવવા માટે, છેલ્લા થોડા વર્ષોમાં સ્કુલની શીક્ષણ ફી મા વધારો થયેલ છે. જેથી જરૂરિયાતમંદ કુટુંબો માટે આર્થીક રીતે વિકટ પશ્ન બની રહ્યો છે.

આ વર્ષે ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા કુલ ૫૫ વિદ્યાર્થીઓને ફી પેટે રૂા. ૭,૬૩,૫૦૦/-ની (સરેરાશ ૧૩૦૦૦/-) સહાય શ્રી સંઘ તરફથી તેમજ દાતાઓ તરફથી ભકિત રૂપે આપવામાં આવેલ છે.

કેળવણી કમીટીના કન્વીનર શ્રી પિયુષભાઇ કાંતીલાલ શાહ તથા તેમની સમગ્ર કમીટીનો સુંદર સેવા આપવા બદલ આભાર માને છે.

**કેળવણી સહાય યોજનામાં વિશેષ આર્થીક સહયોગ લીંબડી નિવાસી હાલ દાદર માતુશ્રી શારદાબેન કિશોરભાઇ નંદલાલ શાહ પરિવાર**

આજના સમયમાં શિક્ષણનું કેટલું મહત્વ છે તે આપણે સહુ જાણીએ છીએ. આજનું સ્કુલ શિક્ષણ પણ ઘણુંજ મોંઘુ થયેલ છે કારમી અસહ્ય મોંઘવારી અને ટૂંકા પગારમાં અને તેમાં પણ ભાડાના ફ્લેટમાં રહેતા પરિવારોને ઘણુંજ કષ્ટદાયક પરિસ્થિતી નિર્માણ થયેલ છે. આ પરિસ્થિતીમાં સમાજના સાધર્મીક જરૂરિયાતમંદ અને મધ્યમવર્ગના પરિવારોને શ્રી સંઘ દ્વારા અપાતી સહાયમાં વિશેષ રૂપે આર્થિક સહયોગ આપવા ઉપરોક્ત પરિવારના શ્રી નિલેશભાઇ શાહ અને શ્રીમતી દિપ્તીબેન પારસભાઇ દ્વારા કેળવણી સહાય માટે આવેલ કુલ ૩૦ પરિવારોના બાળકોને કુલ રૂા.૨,૪૧,૦૦૦/- જેવી રકમ આપી જરૂરિયાતમંદ પરિવારોને ટેકો આપી સહાય આપી છે.સ્વ.શ્રી કિશોરભાઇ શાહે સમાજની સંસ્થાઓને માતબર રકમના દાન આપેલ છે. વિશેષ રૂપે તેમનો જીવન મંત્ર હતો સમાજના પરિવારોના બાળકો વધુમાં વધુ ભણે, ઉચ્ચ ડીગ્રી પ્રાપ્તકરી પરિવારની આર્થિક તકલીફોથી બહાર આવે કુટુંબ - ગામ-સમાજનું નામ રોશન કરે આવી ઉદાર ભાવના વાળા શ્રી કિશોરભાઇ ન હોવા છતા તેમના વારસદારાએ આ ઉચ્ચતમ પ્રણાલીકા જાળવી રાખી તે બદલ શ્રી સંઘ સંચાલકો ભૂરી-ભૂરી અનુમોદના કરે છે અને સમાજ સેવાના સુકૃતાના કાર્યો કરતા રહે તેવી શુભેચ્છા અને પરિવારના દરેક સભ્યોને તંદુરસ્તી બક્ષે એજ પ્રાર્થના.

સાથેજ **સુરેન્દ્રનગર નિવાસી હાલ અંધેરી અને ફાઉન્ડેશનના વાઇસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ પરિવાર** તરફથીકુલ ૫૫

વિદ્યાર્થીઓને રૂા.૨૦૦૦/- મુજબ વિશેષ આર્થિક સહાય આપી ભક્તિરૂપે શ્રી સંઘને રૂા.૧,૧૦,૦૦૦/-આપી સમાજના જરૂરિયાતમંદ પરિવારોની સહાનુભૂતિ અને સમાજ ઋણ ફેડવા માટેની ઉત્કૃષ્ટ ભાવનાની કદર કરી શ્રી સંઘ સંચાલકો ભૂરી ભૂરી અનુમોદના કરે છે સાથે ઉદાત ભાવનાવાળા આ પરિવાર સમાજના સુકૃતમાં ઉદારતાથી આર્થિક યોગદાન આપી પુણ્યનું ભાથુ બાંધે એજ પ્રાર્થના.

**શ્રી સંઘ તરફથી સમાજના પરિવારોને નવુ નઝરાણુ...**

## શ્રી સંઘની માલિકીની ઓફિસ (કાર્યાલય)

આપણા શ્રી સંઘની સ્થાપના સંવંત ૧૯૬૮ (ઇ.સ. ૧૯૧૧)માં થઇ. આપણા શ્રી સંઘને આજે ૧૧૪ વર્ષ થયેલ છે. ભવ્ય, ભાતીગળ અને ઉજ્જવળ ઇતિહાસ ધરાવતા આપણા શ્રી સંઘને તેના પૂર્વ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ તેમની આગવી સૂઝબૂઝથી પ્રબળ નેતૃત્વ પુરૂ પાડી આ ભવ્ય ઇમારતનું ચણતર કરેલ છે જેના મીઠા ફળ આજના દિવસે આપણે સૌ માણી રહ્યા છીએ. સૌના સમયાનુસાર અમૂલ્ય સાથ - સહકારથી આપણે અનેક વિધ ક્ષેત્રે પ્રગતિ સાધી શક્યા છીએ. વિતેલા વર્ષો તરફ નજર કરતાં આપણે જોઇ શકીશું કે (૧) શ્રી સંઘની કાલબાદેવી ઓફીસ (૨) દામોદર વાડી કાંદીવલી (ઈસ્ટ) (૩) પાલિતાણા યાત્રિક ભવન (૪) યાત્રિક ભવન ખાતે જિનાલય, વગેરે અનેક ભવ્ય નઝરાણા આપણે સભ્ય પરિવાર સમક્ષ મૂકેલ છે જેમાં આ વર્ષે એક નો વધારો થયેલ છે અને તે છે આપણી અંધેરી (ઇસ્ટ) ખાતેની નવી ઓફિસ જે અંધેરી સ્ટેશનથી ફક્ત બે મીનીટના સમય અંતરે આવેલ છે જે દરેકને સુગમ અને અનુકુળ થશે. તા.૦૫/૦૫/૨૦૨૪ ના શુભ દિવસે આપણી નવી ઓફિસનુ ઉદ્‌ઘાટન ભવ્ય રીતે, શ્રીસંઘ પ્રમુખ સમાજરત્ન શ્રી દિલીપભાઇ તથા હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, ફાઉન્ડેશનના પદાધીકારીઓ, ઝાલાવાડ બીઝનેસ ફોરમના પદાધીકારીઓ, ઝાલાવાડ ગ્લોબલ ટ્રસ્ટના પદાધીકારીઓ, સમાજરત્નશ્રી ચીનુભાઇ, દાતાશ્રીઓ, કમીટી મેમ્બરો તેમજ આમંત્રીત મહાનુભાવો ની ઉપસ્થિતીમાં કરવામાં આવેલ. નવી ઓફિસનું દ્વાર ઉદ્‌ઘાટન શ્રી અનંતરાય શાંતિલાલ શાહ ના કર કમળો દ્વારા ટ્રસ્ટીશ્રીઓ, સમાજરત્નશ્રી ચીનુભાઇ, સંઘપ્રમુખ સમાજરત્ન શ્રી દિલીપભાઇ તથા અન્ય હોદ્દેદારો તેમજ પધારેલા આમંત્રીત મહેમાનોની હાજરીમાં કરવામાં આવેલ ત્યારબાદ ચટવાણી હોલ, અંધેરી (ઇસ્ટ) ખાતે લક્કીડ્રો માટે સૌ પધાર્યા હતા. ઓાફિસ માટે જેઓએ દાન આપેલ તે સર્વેને લક્કીડ્રોની કુપનો આપવામાં આવેલ અને તે કુપનો માંથી નવી ઓફિસના નામકરણ માટે લક્કી ડ્રો કરવામાં આવેલ. આ લક્કી ડ્રોના ભાગ્યશાળી વિજેતા **શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - વિલેપાર્લા** રહ્યા હતા. જેથી તેમના નામની તક્તી આપણી નવી ઓફિસની બહાર લગાડવામાં આવેલ છે આ નિમિત્તે પાર્લા મંડળ તરફથી વધારાનું રૂા.૬ લાખનું દાન શ્રી સંઘને આપવાની જાહેરાત કરવામાં આવેલ જેને હાજર રહેલા સર્વેએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ. શ્રી સંઘ પ્રમુખશ્રી દિલીપભાઇએ પાર્લા મંડળનો આ બાબતે આભાર માનેલ હતો ત્યાર બાદ નીચેના હોલમાં રાખવામાં આવેલ પ્રીતિભોજનને ન્યાય આપી સૌ આનંદ અને ઉલ્લાસના ભાવ સભર છુટા પડયા હતા.

**તપસ્વી બહુમાન કાયમી પ્રેરકદાતા**

**માતુશ્રી રંજનબેન હર્ષદભાઇ દિપચંદ શાહ**

**લીંબડી હાલ-વાલકેશ્વર-મુંબઈ**

**: સહાયક દાતા :**

**શ્રીમતી શારદાબેન કિશોરભાઈ નંદલાલ શાહ પરિવાર**

**લીંબડી હાલ – દાદર**

---

**ભોજનના કાયમી પ્રેરકદાતા**

**માતુશ્રી કમળાબેન જીવરાજ ધ્રુવ પરિવાર**

**હ : રંજનબેન જીતેન્દ્રભાઇ ધ્રુવ (સુરેન્દ્રનગર હાલ કાંદીવલી)**

**: સહાયક દાતા :**

**શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ કાંતીલાલ શાહ**

**ધોલેરા હાલ – બોરીવલી**

આપણા શ્રી સંઘ તરફથી દર વર્ષની માફક આ વરસે પણ તપસ્વી બહુમાન અને વિદ્યાર્થી પારિતોષિક કાર્યક્રમનું આયોજન **દામોદરવાડી કાંદિવલી (પૂર્વ)** ખાતે **સંવત ૨૦૮૦ ના ભાદરવા વદ.૫** ને **રવિવાર તા.** ૨૨/૦૯/૨૦૨૪ના દિવસે તપસ્વીઓ - દાતાઓ - વિદ્યાર્થીઓ તથા સમાજ અગ્રગણ્ય - આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. આ પ્રસંગે લગભગ **૫૫૦** ભાઈ-બહેનોની હાજરી રહી હતી. આ વર્ષે ગાયક - ભવ્ય શાહ તથા સંગીતકાર રૂષભ શાહે સંગીતના સથવારે તપોવંદનાનો સુંદર કાયક્રમ રજુ કરેલ હતો.

તપસ્વી બહુમાન કમીટીના કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે પધારેલા સર્વેનું હાર્દિક સ્વાગત કરી આવકાર આપેલ.

મંત્રી શ્રી મુકેશભાઈએ સમાજરત્ન પ્રમુખ શ્રી દિલીપભાઈ શાહ દાતા પરિવારના સભ્યો શ્રી હર્ષદભાઈ, શ્રીમતી મૃદુલાબેન ધ્રુવ અને શ્રીમતી અરૂણાબેન વગેરેને સ્ટેજ ઉપર પધારી સ્થાન ગ્રહણ કરવાની વિનંતી કરેલ. સંઘપ્રમુખ સમાજરત્ન શ્રી દિલીપભાઈ આવકાર આપી સમાજની વિવિધ યોજનાઓ વિષે વિગતવાર રૂપરેખા માહિતી આપેલ. દાતા પરિવારના સભ્યોનું શ્રીફળ હાર-શાલ અને કેસરના તિલક કરી સમાજરત્ન પ્રમુખશ્રી દિલીપભાઈ શાહ, શ્રીમતી ભામીનીબેન તથા શ્રીમતી સરોજબેન, શ્રી મહેન્દ્રભાઇ શાહ દ્વારા દાતા પરિવારોનું ક્રમશઃ ઉચિત બહુમાન કરવામાં આવેલ હતું.

દરેક સહાયક દાતાઓનું તીલક, મોતીની માળાતથા શાલ પહેરાવીને બહુમાન કરવામાં આવેલ.

દરેક તપસ્વીરત્નો ને શ્રી સંઘ તરફથી એક કવર આપી તેઓનું બહુમાન કરવામાં આવેલ

૩૦ ઉપવાસના તપસ્વી શ્રીઓનું બહુમાન શ્રી હર્ષદભાઇ દિપચંદ શાહે કરેલ હતું. કુલ ૨૧૪ તપસ્વીઓએ નીચે મુજબની તપર્શ્ચયા કરેલ હતી.

| | સંખ્યા | બહુમાનની રકમનું કવર |
|---|---|---|
| ૩૦ ઉપવાસ માસક્ષમણ | ૧૨ | રૂા.૧૦૦૦/- દરેકને |
| ૧૬ થી ૨૯ ઉપવાસ સિધ્ધીતપ તપસ્વી | ૩૨ | રૂા.૫૦૦/- દરેકને |
| ૬ થી ૧૫ ઉપવાસ તપસ્વી | ૧૭૦ | રૂા.૩૦૦/- દરેકને |

મંત્રી શ્રી મુકેશભાઈ શાહે શ્રી સંઘ તથા શ્રી કિરણભાઇ શાહે - ફાઉન્ડેશન અને ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અપાતી વિવિધ સહાયની વિગતવાર જાણકારી આપેલ.

ત્યારબાદ ડીગ્રી મેળવેલ સી.એ., એન્જીનીયર, એમ.બી.એ., ડૉક્ટર અને ધો.૧૨ અને ધો.૧૦ ઉચ્ચ ગુણાંક દ્વારા ઉર્ત્તીણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવી પારિતોષિક આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખજાનચી શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રી શ્રી મુકેશભાઈ શાહ તપસ્યા કમીટી કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ગોવનજી શાહે કરેલ. શ્રી સંઘના પદાધિકારીઓ સર્વે મંત્રીશ્રી ભરતભાઈ કુવાડીયા, સહમંત્રી શ્રી મીતેશભાઈ શાહ, સહ ખજાનચી શ્રી કેતનભાઈ શાહ,પી.આર.ઓ. શ્રી દિપકભાઇ જી. ગાંધી અને તપસ્યા કમીટી અને કારોબારી સર્વ સભ્યો એ સેવા આપેલ હતી.

દરેક તપસ્વીઓને માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ (ઘડીયાળી) (વાલકેશ્વર) પરિવાર તરફથી શ્રીફળ તથા રૂા.૧/- ની પ્રભાવના કરવામાં આવેલ. શ્રી કીરીટભાઈ વૃજલાલ બાબરીયા પરિવાર તરફથી દરેક તપસ્વી પ્રભાવના રૂા.૨૦/- અને વિદ્યાર્થીઓને રૂા.૨૫૦/-નું પારિતોષિક પ્રતિનિધિ સભ્ય શ્રી દિલીપભાઈ ટી. શાહે વિતરણ કરેલ હતું.

હાજર રહેલ તેજસ્વી વિધાર્થીઓનું બહુમાન શ્રી પારસભાઇ શાહ, ટ્રસ્ટીશ્રી જયેન્દ્રભાઇ શાહ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ શાહ, તથા શ્રીમતી અરૂણાબેન ધ્રુવ, શ્રીમતી ભામીનીબેન અને શ્રીમતી દિપ્તીબેન દ્વારા કરવામાં આવેલ હતુ.

શ્રી સંઘ તરફથી દરેક વિદ્યાર્થીઓને તેમના નામની કીચેઈન સાથે સુંદર ઉપયોગી પેન પારિતોષિક રૂપે કમિટી સભ્ય શ્રી નિશીતભાઇ વોરા તરફથી આપવામાં આવેલ. સ્ટેજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રીતીભોજન માટે સર્વે દાતા તથા આમંત્રિત મહેમાનો પધારેલા.

કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ શાહે કાર્યક્રમના આયોજન અને જમણવાર વ્યવસ્થામાં શ્રી મુકેશભાઈ શાહ અને અન્ય પદાધિકારી અને તપસ્યા કમીટીના અને કારોબારી સભ્યોના યોગદાન અને સહકાર બદલ દરેકનો આભાર માનવામાં આવેલ.

**તપસ્વી બહુમાનના કાયમી સહાયક દાતાશ્રી**

શ્રી સંઘ દ્વારા ચાલી આવતી પ્રથા એટલે પર્યુષણ દરમ્યાન થતી તપશ્ચર્યાની અનુમોદના અને બહુમાન સાથે ભોજન આ કાર્યક્રમમાં ઉતરોત્તર તપસ્વીઓની સંખ્યામાં વધારો થવાની સાથે ભોજન અને અન્ય ખર્ચાઓ છેલ્લા ત્રણ વર્ષમાં દોઢા થી બમણા થઇ ગયેલ હોવાથી શ્રી સંઘ સંચાલકોએ વિચારણા કરી કે કોપર્સમાં વધારો કરી તપસ્વી બહુમાન અને ભોજનના કાર્યક્રમ માટે સહાયક દાતા લેવા જોઇએ એવી રજુઆત કરેલ જેના પ્રત્યુત્તરમાં સુંદર પ્રતિસાદ આપતા તપસ્વી બહુમાન ના **કાયમી સહાયક દાતા તરીકે લીંબડી નિવાસી હાલ દાદર માતુશ્રી શારદાબેન કિશોરભાઇ નંદલાલ શાહ હ: શ્રીમતી સંધ્યાબેન નિલેશભાઇ શાહ અને ભોજનના કાયમી સહાયક દાતા તરીકે ધોલેરા નિવાસી હાલ બોરીવલી શ્રીમતી ચંદનબેન અરવિંદભાઇ કાંતીલાલ શાહ હ: શ્રીમતી ડીમ્પલ કેતનભાઇ શાહે** લાભ લઇ ઉચ્ચતમ વિચારો, ઉદાર ભાવના સાથે આ કાયમી યોજનામાં સહાયક દાતા તરીકે જોડાઇને સુંદર ઉદાહરણ પુરૂ પાડેલ છે. આ બન્ને પરિવારો નો શ્રી સંઘ આભાર માને છે સાથે ભૂરી ભૂરી અનુમોદના કરે છે. આવા સમાજના સુકૃતના કાર્યોમાં લાભ લેતા રહેશે.

**કાયમી પ્રેરક દાતા સાધર્મિક ભક્તિ યોજના**
**માતુશ્રી મંજુલાબેન ખીમચંદ છગનલાલ શાહ**
**ખેરવા નિવાસી હાલ માટુંગા**

---

**કાયમી સહાયક દાતા સાધર્મિક ભક્તિ યોજના**
**માતુશ્રી ઇંદીરાબેન નરેશભાઇ હીરાલાલ શાહ**
**ચોટીલા નિવાસી હાલ ગોરેગાંવ**

મુંબઈમાં વસતા સભ્ય પરિવારના સાધર્મિક પરિવારોને સાધર્મિકભક્તિ- એપ્રીલ ૨૦૨૪ માં ૯૮ પરિવારોની તપાસ કરી, ચકાસણી કરતા પાસ કરેલ અરજીઓને માસિક ધોરણે ૧ પરિવારને રૂ.૫૦૦/- મુજબ વાર્ષિક રૂ.૬૦૦૦/- ફાળવવાનું નક્કી કરેલ જેની રકમ સીધાજ દરેક પરિવારના બેંક ખાતામાં દર ચાર માસના સાથે ત્રણ હપ્તાથી મોકલવામાં આવેલ. લગભગ ૧૬૦ પરિવારો ને દિવાળી પ્રસંગ નિમીત્તે અનાજની મીઠાઇ ફરસાણની કીટ આપવામાં આવેલ જેનો ખર્ચ રૂ.૩,૩૪,૬૧૫/- થયેલ. આમ કુલ રકમ રૂ.૯,૨૨,૬૧૫/- ચાલુ વર્ષ દરમ્યાન સાધર્મિક ભકિત ખાતે ફાળવવામાં આવેલ છે.

**''જો આપણે ઘેર દિવાળી, તો આપણા સાધર્મિકના ઘરે પણ દિવાળી''**

આ માટે પ્રમુખશ્રીની પ્રેરણાથી પત્રિકાના માધ્મથી સમાજ અગ્રગણ્ય દાતાઓને અપિલ કરેલ જેના ખૂબજ સુંદર પ્રતિસાદ મળેલ. જે દાતાઓએ લાભ લીધેલ તે નીચે મુજબ –

**રૂા.૫૪,૦૦૦/- શ્રીમતી ભામિનીબેન દિલીપભાઇ શાહ - ખેરવા-દાદર, મુંબઇ**

**રૂા.૫૪,૦૦૦/- શ્રીમતી ચંદનબેન અરવિંદભાઇ શાહ - ધોલેરા - બોરીવલી (વે), મુંબઇ**

**રૂા.૫૪,૦૦૦/- શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઇ શાહ - મુળી - ગોરેગાંવ, મુંબઇ**

**રૂા.૫૪,૦૦૦/- શ્રીમતી રંજનબેન હર્ષદભાઇ શાહ - લીંબડી - વાલકેશ્વર, મુંબઇ**

**રૂા.૫૪,૦૦૦/- શ્રી મણીલાલ વાડીલાલ શાહ (આર્કીટેક) હ : શ્રીમતી સુધાબેન ભાઇલાલ શાહ**

દરેક દાતાઓનો હૃદયપૂર્વક આભાર સાથે આ પ્રકારના સુકૃતના કાર્યોમાં ઉદારતાથી લાભી લીધો તે બદલ દરેક પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

ઉપરોક્ત અહેવાલ કાયમી **સાધર્મિક ભક્તિ યોજનાના કન્વીનર શ્રી રસીકભાઇ સુખલાલ શાહ** એ રજૂ કરેલ આ સાથે **સમાજરત્ન પ્રમુખ શ્રી દીલીપભાઇ ખીમચંદ શાહ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ, તથા શ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ તથા, કન્વીનરશ્રી રસીકભાઇ સુખલાલ શાહ** ત્થા સર્વ સાધર્મિક ભક્તિ વ્યવસ્થા કમીટીનો તન-મનથી મળેલ સાથ સહકાર બદલ ખુબ-ખુબ આભાર માન્યો હતો.

**નવો ચીલો ચીતર્યો**
## માતુશ્રી હીરાબેન મહાસુખલાલ પારેખ
**લીંબડી નિવાસી હાલ ઘાટકોપર**
**હ : શ્રીમતી સુનીલાબેન કમલેશભાઇ પારેખ પરિવાર**
**ધાર્મિક શિક્ષણ શ્રેણી પરિક્ષા માં ઉચ્ચ ગુણાંક મેળવેલાને પારિતોષિક**

શ્રી સંઘ અને સમાજના પરિવારોના ભાઇઓ - બહેનો અને બાળકોમાં આજના મોબાઇલના યુગમાં ધાર્મીક શિક્ષણનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે આવા સમયમાં શ્રી સંઘ ઉપપ્રમુખ અને શ્રી ઘાટકોપર મંડળ પ્રમુખ શ્રી કમલેશભાઇ મહાસુખલાલ પારેખ ને વિચાર આવ્યો કે શ્રી સંઘના તપ અનુમોદના સાથે ધાર્મિક શિક્ષણની શ્રેણી ૧ થી ૩૬ સુધીની પરિક્ષા આપેલાને પારિતોષીક રૂપે કાંઇક આપવું જોઇએ. પત્રિકાના માધ્મમથી સમાજના સભ્ય પરિવારના ૭૭ ભાઇઓ બહેનો અને બાળકોની માર્કશીટમાંથી ૩૨ સભ્યોને પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે આવેલા દરેકને કમાનુસાર રૂા.૬૦૦/-, રૂા.૫૦૦/- અને રૂા.૪૦૦/-મુજબ બહુમાન કરવામાં આવેલ. શ્રી સંઘમાં આ પ્રકારનું ધાર્મીક શિક્ષણ પરિવારના સભ્યોનું પ્રથમ આયોજન થયેલ જેમાં શ્રી મુકેશભાઇ, શ્રી મીતેશભાઇ અને શ્રી ગીરીશભાઇએ જહેમત ઉઠાવી વર્ગીકૃત કરી અને રકમ ફાળવી આપેલ.

**સમુહ લગ્નના કાયમી પ્રેરકદાતાઓ**
**શ્રીમતી શાંતાબેન બુટાલાલ હુકમદચંદ શાહ પરિવાર**
**(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર) તથા**
**શ્રીમતી સવિતાબેન ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર**
**(ખેરવા – જતના નિવાસી હાલ સાયન)**
---------------------------
**જમણવારના કાયમી પ્રેરકદાતાઓ**
**શ્રી બુટાલાલ હુકમચંદ શાહ પરિવાર**
**(કોંઢ નિવાસી હાલ ઘાટકોપર) તથા**
**શ્રીમતી મનહરબેન કીરીટભાઇ રતનશી શાહ પરિવાર**
**(ધોલેરા નિવાસી હાલ મુલુંડ)**
## સમુહલગ્નનાં સથવારે....

આપણા શ્રી સંઘ તરફથી વર્ષ ૧૯૭૯ થી શરૂ કરેલ સમુહ લગ્નથી આજ સુધીમાં ૮૫ માં સમુહ લગ્નના માંડવેથી લગભગ **૪૨૪** નવયુગલોએ દામ્પત્ય જીવનની શરૂઆત કરેલ છે. હાલમાં હમણાં જ ૮૫ માં સમુહલગ્નનું તા.૨૨/૧૨/૨૦૨૪ ના રોજ દામોદર વાડી ખાતે ખૂબ જ વ્યવસ્થિત સુંદર આયોજન કરવામાં આવેલ હતુ. આ વખતે ૨ યુગલો સમૂહ લગ્નમાં જોડાયેલ હતા.

સવારે કન્યાપક્ષના આવેલ મહેમાનો માટે તેમજ કાર્યકર્તાઓ માટે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ. દામોદર વાડીના ઉપરના એ.સી. હોલમાં ખૂબ જ સરસ ડોકોરેશનથી શોભતા લગ્ન મંડપની વ્યવસ્થા કરવામાં આવેલ.બરાબર ૧૦.૦૦ કલાકે બન્ને વરરાજાઓની જાનનું બેન્ડ સાથે નાચતા નાચતા ઉલ્લાસથી સ્વાગત કરવામાં આવેલ. સમયસર મંડપમાં લગ્નવિધીની શરૂઆત કરવામાં આવેલ આવા મંગલમય વાતાવરણમાં ખજાનચીશ્રી ગીરીશભાઇ કે. શાહે સંઘપ્રમુખ શ્રી દિલીપભાઇને અને દાતાઓને સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરવાવિનંતી કરેલ. સંઘ પ્રમુખ શ્રી દિલીપભાઇ કે. શાહે પ્રસંગોચીત વક્તવ્ય આપેલ અને બન્ને વરઘોડીયાને આર્શિવાદ આપેલ હતા. આ પ્રસંગે **સમ્યક્જ્ઞાન ફાઉન્ડેશન - ગોરેગાંવ તરફથી શ્રી હર્નીષભાઇ મહેન્દ્રભાઈ વૃજલાલ શાહે** નવદંપતીને રૂા.૧૧,૦૦૦/- બંન્ને નવદંપતિઓને આપી આર્શીવચન આપેલ.કન્વીનરશ્રી વિપુલભાઇ બગડીયાએ દરેકનો આભાર માન્યો હતો. નિચેના વિશાલ સમીયાણામાં જમવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલ. સમૂહ લગ્ન પ્રસંગે પધારેલા દહીંસરના એમ.એલ.એ.શ્રીમતી મનીષાતાઇ ચૌધરી, દહીંસરના નગરસેવક શ્રી ઓઝા તથા મીરારોડના નગર સેવિકા શ્રીમતી વસાણીએ નવદંપતીને અભિનંદન અને આર્શિવાદ આપેલ તેઓશ્રીનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ. લગ્ન વિધી પરીપૂર્ણ થતા જાનને વિદાય આપવામાં આવેલ હતી. શ્રી સંઘ તરફથી દાતાઓના સહકારથી રૂા.૮૧૦૦૦/- દરેક કપલને કરીયાવરની ગૃહપયોગી વસ્તુઓ આપવામાં આવેલ.

આ પ્રસંગે કાર્યરત રહેલા કમીટી સભ્યો તેમજ કાર્યકર્તાઓનો કન્વીનરશ્રી વિપુલભાઇ બગડીયાએ આભાર માન્યો હતો તથા સંઘપ્રમુખશ્રી,ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો વગેરે હાજરી આપી પ્રસંગની શોભા વધારી તે બદલ આભાર વ્યકત કરેલ હતો.

ઉપરોક્ત અહેવાલ **સમૂહલગ્ન કમીટી કન્વીનર શ્રી વિપુલભાઇ પ્રાણલાલ બગડીયાએ** રજૂ કરેલ છે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈ દામોદર વાડી

વર્ષ એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ સુધીનો દામોદરવાડીનો વાર્ષિક અહેવાલ આપ સર્વે સમક્ષ રજુ કરીએ છીએ.

સમાજના સભ્ય પરિવારો લગ્ન, સગપણ, ધાર્મીક પૂજન, પ્રાર્થના-સાંજી, ભાવયાત્રા વગેરે જેવા પ્રસંગો માટે વ્યાજબી ભાવે આપવામાં આવે છે. સ્થાનીક શ્રી શાંતીનાથ ઝાલાવાડ જૈન સંઘને બન્ને ઓળી અને પર્યુષણ માટે રાહત દરે આપીએ છીએ.

આ ઉપરાંત આપણે દામોદરવાડીમાં ટેરેસ પર મોબાઇલ ટાવર માટે ભાડેથી જગ્યા આપેલ છે.

| | |
|---|---|
| જેમા વાડી આવક અંદાજીત | રૂા. ૧૮,૭૧,૩૧૩/-તેમજ |
| વાડી મોબાઇલ ટાવર ભાડાના | રૂા. ૬,૭૫,૦૦૦/- મળીને |
| કુલ વાડી આવક | રૂા. ૨૫,૪૬,૩૧૩/- થાય છે. |

## સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પ્રેરિત ઝાલાવાડ જૈન દર્શન પત્રિકા

**'ઝાલાવાડ જૈન દર્શન'** આપણા શ્રી સંઘની આન બાન અને શાન છે. કોઇપણ સમાજનું મુખપત્ર આટલો લાંબો સમય નિયમિત રીતે પ્રકાશીત થતુ રહે તે સમાજને માટે ગૌરવ સમાન છે. આપણી પત્રિકાના ૪૯ વર્ષ પૂરા થાય છે સમાજમાં થતી દરેક પ્રવૃતીની જાણ દર મહિને એક એક પરિવાર સુધી પહોંચે છે. તેજ તો આપણી અનેરી સિધ્ધિ છે. દિવસે દિવસે શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સમાજનાં મુંબઇમાં કાર્યરત મંડળો - યુવા મંડળો - મહિલા મંડળો દ્વારા થતી પ્રવૃતીઓની જાણ પત્રિકાના માધ્યમથી ઘર ઘર સુધી થાય છે. આ ઉપરાંત આપણુ ઝાલાવાડ ફાંઉડેશન - ઝાલાવાડ બિઝનેશ

ફોરમ અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવૃતીઓના સમાચાર પત્રિકાના માધ્યમથી દરેક પરિવાર સુધી પહોંચે તેજ આપણા સંઘની આ પત્રિકાનું સાચું મૂલ્યાંકન છે.

ઘણા વર્ષોથી વચ્ચેના થોડા વર્ષોને બાદ કરતા **સ્વ. શ્રી અનોપચંદભાઇ ખીમચંદ શાહ** પત્રિકાનું સફળ સંચાલન કરી રહ્યા હતા.વર્તમાનમાં આપણા સંઘના **મંત્રીશ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ** પત્રિકાનું સુંદર સંચાલન કરી રહ્યા છે.

આ પત્રિકાનો વર્ષ ૨૦૨૪/૨૫ નો અહેવાલ રજુ કરતા આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમ્યાન આપણે **૫૧૬** પેઇજનું પ્રકાશન થયુ છે જેમા ૧૨ માસ (એપ્રિલ-૨૦૨૪ થી માર્ચ – ૨૦૨૫) પ્રકાશિત કરેલ.

મુંબઇના બહુ ઓછા જૈન સમાજો છે કે જેમના મુખપત્રો આટલા લાંબા સમયથી પ્રકાશીત થતા હોય. આપણુ એ સદભાગ્ય છે કે આપણને વર્ષ ૧૯૮૯ થી આજ દિવસ સુધી લગભગ ૩૩ વર્ષથી આપણા **વડિલ મુરબ્બી સ્વ. શ્રી અનોપચંદભાઇ શાહ તંત્રીપદે** રહી અવિરત સેવાઓ આપેલ છે. ખરેખર આપણું આ મુખપત્ર સમાજ તથા સંઘ અને સમાજની વિવિધ સંસ્થાઓ વચ્ચે **કડી** બનીને ઉભુ છે. આપણા સમાજની સંસ્થાઓની સક્ષમતા અને મજબૂતાઇમાં પત્રીકાનો સહયોગ મહત્વનો રહ્યો છે. આજે **સ્વ. શ્રી અનોપચંદભાઇ શાહ**ની ઉણપ અને ખોટ પડી છે તે દેખાઇ આવે છે.

આપણી પત્રિકામાં દરેક પરા મંડળ - યુવા મંડળ - મહિલા મંડળને એક સરખો ન્યાય આપવામાં આવે છે. પત્રિકાએ હંમેશા સંઘની નિતિને અનુસરીનેજ કામ કર્યુ છે.

આપ સહુના સાથ સહકારથી પત્રિકાનું પ્રકાશન ચાલુ રાખી શક્યા તેનો આનંદ છે. સમાજના પરિવારોની વ્યાપારી જાહેરાત શ્રંધ્ધાજલી - વેવીશાળ યોગ્ય મુરતીયા - કન્યાનાં બાયોડેટા વગેરેના પત્રીકા માટે પ્રતિસાદ મળેલ જેના માધ્યમથી પરિવારોને ઉપયોગી થઇ માહિતગાર કરી શક્યા છીએ.

આવક ત્થા ખર્ચને ધ્યાનમાં ન લેતા સમાજનો સંપર્કસેતુ જીવંત રાખવા એપ્રિલ - ૨૦૨૪ થી માર્ચ – ૨૦૨૫ સુધી સમાજની પત્રિકા પ્રકાશીત કરવામાં આવેલ જે આજ દિવસ સુધી ચાલુ છે. હજી પણ કપરા સંજોગો – વિટંબણા વાળી પરિસ્થિતી ચાલુજ છે. પરંતુ અમને વિશ્વાસ છે કે આપ સહુ સાથ સહકારથી આ પ્રકાશન અવિરત ચાલુ રહેશે.

અમારે હજી પણ આ પત્રિકાને ઉચ્ચતમ શિખરે લઇ જવી છે. આ માટે સૌનો સાથ-સૌનો સહકાર જરૂરી છે. અમારે એક બીજી વાતનો ઉલ્લેખ પણ કરવો છે. કે ૧૨ મહિને નિયમિત રીતે પત્રિકા સમયસર બહાર પાડવી - પત્રિકાને વાંચન પ્રિય બનાવવી - સૌને ન્યાય આપવો. એ માટે સખત પ્રયત્નશીલ રહેવું આ બધુ ઘણુજ કઠીન કાર્ય છે.

આ તકે **તંત્રીશ્રી મુકેશભાઇ**ની સેવાઓની નોંધ લેવામાં આવે છે. અહીંયા ખાસ ઉલ્લેખ કરીશ આપણા પત્રિકાનાં પૂર્વ સંપાદક અને વઢવાણ મિત્ર મંડળ પત્રિકાના **તંત્રીશ્રી ઉપેન્દ્રભાઇ શાહ**નો તેમણે જરૂર જણાયે પત્રિકા બાબતમાં જરૂરી માર્ગદર્શન સાથે સલાહ દ્વારા પત્રિકાને સારો ઓપ આપવાના પ્રયાસમાં સાથે રહ્યા છે. તેમની કહેવાની શૈલી - પારદર્શીતા અને સ્પષ્ટ વકતા તરીકેના ગુણ સામેવાળાને આકર્ષિત કરે છે તેમનો સંઘ આભાર માને છે.

આ અહેવાલ પૂરો કરતા પહેલા અમારે એટલુંજ કહેવુ છે કે પત્રિકા પ્રકાશીત કરવામાં ક્યારેક કોઇ ક્ષતી રહી ગઇ હોય કોઇને દુ:ખ લાગ્યુ હોય તો સૌને મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ.

## શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ
## યાત્રિક ભવન – પાલીતાણા
## માતુશ્રી સમજુબેન ત્રિભોવનદાસ
## લાલચંદ શાહ પરિવાર

**હ.: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ, લીંબડી – ઘાટકોપર**

સંવત ૨૦૨૪-૨૦૨૫ નાં વર્ષ દરમ્યાન જ્યારે આપણે યાત્રીકોનો અવિરત પ્રવાહ બીજા વર્ષોમાં અનુભવતા હતા તેના કરતા વધારે પ્રમાણમાં પ્રવાહ જળવાઇ રહ્યો હતો.

પૂર્ણ વર્ષ દરમ્યાન આપણા યાત્રિક ભવનનાં પેકેજનાં મુખ્ય પ્રસંગો :

૧. આપણા યાત્રીકભવન અને જિનાલયની વર્ષગાઠ(મહાશુદી ૫)

૨. ફાગણ શુદી ૧૩ - છગાઉની યાત્રા (ત્રણ દિવસ પેકેજ)

૩. વૈશાખ શુદી ૩ - વરસીતપના પારણા (અખાત્રીજ) (ત્રણ દિવસ પેકેજ)

૪. અષાઢ શુદી ૧૪ – ચાતુમાર્સ (૫૫/૫૬ દિવસ પેકેજ)

૫. શ્રાવણ વદી ૧૧ - પર્યુષણ (દશ દિવસ પેકેજ)

૬. આસો વદી ૧૩ - ધનતેરશ - દિવાળી (નવું વર્ષ) (પાંચ દિવસ પેકેજ)

ઉપરોક્ત દરેક પેકેજમાં આપણા યાત્રિક ભવનમાં આરાધકોએ સુંદર લાભ લઇ રોકાયેલા હતા.

ફકત એકજ પ્રસંગ આપણા જિનાલયની વર્ષગાઠ આપણે દર વર્ષની જેમ ખૂબ જ ઉમંગ થી ઉજવી શક્યા હતા. તેનો વિગતવાર અહેવાલ પત્રીકામાં આપ મેળવી ચુકયા છો.

વર્ષ દરમ્યાન જીનાલયની વર્ષગાઠ ઉજવણી વખતે આપણે યાત્રીકભવનની કાયમી નિભાવ ફંડમાં રૂા. ૨૧,૧૧૧/- ની યોજના માં સુંદર પ્રતીસાદ મળેલ છે અને હજી પ્રવાહ ચાલુ છે.

આ વર્ષે આપણા યાત્રિક ભવનમાં નવી લીફ્ટ કાર્યરત થઇ ગયેલ છે લીફ્ટના દાતા માતુશ્રી મંજુલાબેન ચીનુભાઇ શાહ (સમાજરત્નશ્રી ચિનુભાઇ) પરિવારે માતબર રકમનું દાન આપી લીધેલ છે. આ ઉપરાંત આપણા યાત્રિક ભવનમાં દરેક રૂમોને અધતન બનાવવા માટે દરેક રૂમોને રિનોવેટ કરવાનું નક્કી કરેલ અને તે પ્રમાણે આપણા શ્રી સંઘના ઉદારદિલ દાતાઓ ૧ રૂમના રૂા. ૪,૦૫,૦૦૦/- પ્રમાણે સહાયક દાતા તરીકે લેવાનું નક્કી કરેલ. એ જણાવતા હર્ષ થાય છે કે ઉદારદિલ દાતાઓના સહયોગથી ૨૫ દાતા મળેલ છે.

આ ઉપરાંત ભોજનશાળા તેમજ ઓફિસ રીનોવેશનના દાતા પણ મળી ગયેલ છે. ભોજનશાળામાં ટી.વી. સ્કીનમા દરેક દાતાઓના ફોટા નામ સાથે સળંગ દેખાય તેવી ગોઠવણ કરેલ છે.હાલમાં આ બધું કાર્ય ખૂબ જ જોશથી ચાલી રહ્યુ છે જેમાં સંઘપ્રમુખશ્રી દિલીપભાઇ

ના માર્ગદર્શન નીચે યાત્રિક ભવનની કમીટીનાં કન્વીનર શ્રી મહેન્દ્રભાઇ તેમજ મંત્રીશ્રી મુકેશભાઇ અવારનવાર યાત્રિક ભવનની મુલાકાત લે છે ૨૨ બ્લોક પાંચ બેડના અને ચાર બ્લોક ડબલ બેડના (એક કપલ રહી શકે) બનાવેલ છે.

બ્લોક સંપૂર્ણ રિનોવેશન સાથે તૈયાર કરેલ છે.

વિ.સં. ૨૦૮૦ના ચૈત્ર માસની શાશ્વતી નવપદજી ઓળીનો લાભ **શ્રીમતી ભામિનીબેન દીલીપભાઇ ખીમચંદ શાહ** પરિવારે લીધેલ અને આસોમાસની ઓળી નો લાભ **માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવારે** લીધેલ (પત્રિકામાં અહેવાલ આપેલ છે) બન્ને પરિવારની ભૂરી ભૂરી અનુમોદના.

વર્ષ દરમ્યાન આપણાં સંઘે તથા આપણી વિવિધ સંસ્થા ઓ એ સમાજ માટે ઘણી પ્રવૃતીઓ કરી છે અને હજી ચાલુ પણ છે. આ વર્ષે પ્રવૃતીઓની ખૂબ-ખૂબ અનુમોદના કરીને સૌને અમારા જય જીનેન્દ્ર.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટ - મુંબઈ
## શ્રી જિનપ્રસાદ (યાત્રિક ભવન - પાલીતાણા)
**હ: એક સદ્‌ગ્રહસ્થ પરિવાર**

આપણા યાત્રિક ભવનના શ્રી જિનપ્રસાદમાં આવતા યાત્રિકો અને અન્ય આજુ-બાજુની ધર્મશાળામાં રોકાયેલ યાત્રાળુઓ સેવા પૂજા દર્શનનો ખાસ લાભ લે છે. શ્રી જિનપ્રસાદમાં બાર માસ (કારતક થી આસો) સુધી કેશર - સુખડ - બરાશ - દિપકના માસિક ધોરણે નકરાથી સમાજના અગ્રગણીઓ, શ્રેષ્ઠીઓ અણે દાતાઓ લાભ લે છે. તે માટે સમાજના દાતાઓની ભૂરી-ભૂરી અનુમોદના. ગત વર્ષે શુધ્ધ ચાંદીના ૧૪ સ્વપ્ના ખૂબજ સુંદર અને કલાત્મક બનાવેલ અને પર્યુષણ મહાપર્વમાં ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ના અને ઘોડીયા પારણાનો પ્રસંગ - ચાતુર્માસ અને પર્યુષણ કરવા પધારેલ આરાધકો ભક્તિભાવ થી ઉજવણી કરી જોડાયા હતા. આ આયોજન પ્રથમ વખત હોવાથી ઉત્સાહ અને ઉમંગથી દરેક આરાધકોએ લાભ લીધેલ હતો.

વર્ષ દરમ્યાન મોટા ધાર્મીક દિવસોમાં સુવર્ણની હીરાજડીત આંગી ચડાવવામાં આવે છે. જેના યાત્રિકો - આરાધકો સુંદર આંગીના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવે છે.

શ્રી જિનાલયના વહીવટી દેખરેખમાં ટ્રસ્ટીશ્રીઓ સંચાલન કરે છે. વિશેષરૂપે સમાજગૌરવ શ્રી અરવિંદભાઈ કે. શાહ અને સમાજરત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ વારંવાર પાલીતાણાની મુલાકાત લે છે.

ધ્વજારોહણ દરમ્યાન જીવદયાની ટીપ કરી ફંડ કરવામાં આવે છે. જે એકત્રીત થયેલ ફંડ ઝાલાવાડના શહેર અને ગામની ૨૨ પાંજરાપોળમાં રકમ ફાળવી જીવદયાનું ઉત્કૃષ્ટ કાર્ય કરવામાં આવે છે.

